સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

લાવી દો ફૈસલા, કાયદા તમારા હાથમાં જ છે,
ગુન્હાની બીક કેવી 'સત્તા' તમારા હાથમાં જ છે,
સંગાથમાં સૌ એને ન્યાયની પણ છે સાક્ષી -
નાથ તમે જ છો સત્યનો તમારી બાથમાં જ છે.

હાઈકુ

બંધ છે આંખ
ન્યાય દેવીની હવે
જોતા નથી કૈં -

ઉઠ્યો વિશ્વાસ!!
સરકારનો પણ ?!
ન્યાયતંત્રથી...

ચિંતન

સર્વે ઇન્દ્રયાણિ જયોનિ રસના તૂ વિશેષતઃ ।
ન દ્રવ્ય સંગ્રહઃ કાર્ય કારણીઓ ન કેનચિત્ ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્રગીતામાંથી લેવામાં આવેલ છે.

આમ તો બધી જ ઇન્દ્રિય જીતવી જ જોઈએ પણ સ્વાદની ઇન્દ્રિયને તો ખાસ કાબૂમાં રાખવી જ જોઈએ, અને સંપત્તિનો સંગ્રહ પોતે તો ન જ કરવો પણ બીજાઓ પોતાના ભક્તો, શિષ્યો અનુયાયીઓ દ્વારા તેમની પાસે પણ ન કરાવવો જોઈએ.

આજકાલ તો મહેલ જેવા આલીશાન આશ્રમોમાં મહાત્માઓ રહે છે. તમામ સુવિધા તથા 'સ્વ બચાવ' માટે હથિયાર પણ રાખવા પડે છે. એમને ભગવાનની બીક નથી હોતી પણ ચોર લૂંટારાની બીક હોય છે. આશ્રમનાં 'વહીવટ' માટે 'બેંક એકાઉન્ટ' અને 'ફિક્સ ડિપોઝીટ' વગેરે પણ રાખવા પડે, પોતે તો પૈસાને અડકે નહીં પણ 'ટ્રસ્ટ' બનાવી નાખે જે એમના 'ટ્રસ્ટ' પર ચાલતું હોય અને આજ્ઞાંક્તિ હોય, વર્ષમાં એક જ વાર ગુરુ દક્ષિણા ઉઘરાવે ! અને એમની સંપત્તિમાં ભાગ પડાવવા અને સત્તા ચલાવવા ઝઘડા થતા જોવા મળે છે.

સંતો-ભગવંતોની 'પ્રેરણા' માત્રથી મોટા મંદિરો-આશ્રમો બંધાઈ જાય છે. કાળા નાણાંને સફેદ આપતા સુંદર - સરળ - રસ્તા અને માર્ગદર્શન પણ આ સંતો જ આપતાં હોય છે.

અહીં સંદેશો અપાયો છે કે 'જીભ' પર (ખાવા-પીવા-બોલવા) ખાસ લગામ રાખવી.

સુવિચાર

- પ્રસન્નતા કોઈ પહલે સે નિર્મિત વસ્તુ નહીં હૈ, વો આપકે કર્મો સે આતી હૈ - **ત્રિલોક ચતુર્વેદી**
- સત્ય માત્ર એમના માટે જ કડવું છે, જેમને જૂઠના સ્વાદની આદત લાગી હોય છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- વિજયના બાપ થનારા સેંકડો હોય છે, પરાજય અનાથ છે - **સિઆન ગેલાઝ**
- દાન, ભાડું ને દક્ષિણા એનો શો ઉધારો ? (ત્રણેય તરત દઈ દેવા) - **ગુજરાતી કહેવત**
- સારી સંપત્તિ અને સારી સમજ એક સાથે ભાગ્યે જ જ હોય છે - **ફિલિપ બેઈલી**
- જેની જીભ બગડેલી હોયતે જૂઠું બોલે, જેમ મન બગડેલું હોય તે તોછડું બોલે - **રત્નસુંદર વિનયજી**
- આજનું ઔષધ : સાજીખારને દાડમની કળી સાથે પીસી થોડુંક પાણી ઉમેરી ખાઈ જવાની હૃદય મજબૂત બને છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક મહાન ચિત્રકારના ચિત્રોનું પ્રદર્શન યોજાયું જેને જોવા માટે એક કલારસિક યુવાન પહોંચ્યો. આ પ્રદર્શનમાં એક વિચિત્ર મનુષ્યનું એક ચિત્ર આલેખ્યું હતું. એ ચિત્રમાંના મનુષ્યનો ચહેરો લાંબા વાળથી ઢંકાયેલો હતો અને એને પગ નહીં પણ પાંખો હતી. કલારસિકને આ ચિત્ર સમજાયું નહીં તેથી તેને ચિત્રકારના મગજની કોઈ તુક્કાભરી કલ્પના માની. આ ચિત્રનો ભાવ ઉકેલવા માટે તે સર્જક પાસે ગયો. અને પૂછ્યું, 'આ એક વિચિત્ર પ્રકારનું ચિત્ર કે જેને હું સમજી શક્યો નથી, આપ એમાં શું કેહવા માંગો છો?' ચિત્રકારે કહ્યું, 'એ ચિત્રમાં મેં માનવીના જીવનમાં આવતા અવસરને આલેખવાનો પ્રયત્ન કર્યા છે. જીવનમાં તક કયારેક જ મળતી હોય છે.' કલારસિકે પૂછ્યું, 'પણ એ ચિત્રમાં અવસર પુરુષનું મોટું શા માટે ઢાંકી દીધું છે? એનો શો અર્થ?' ચિત્રકારે કહ્યું, 'અવસરનો ચહેરો સદાય ઢંકાયેલો હોય છે, એ તમને કયારેય સ્પષ્ટરુપે દેખાતો નથી આવેલી તક ને જાતે ઓળખાવી પડે છે. એથી એના ચહેરો ઢંકાયેલો રાખ્યો છે.' વળી કલારસિક યુવાને પૂછયું, 'આવું વિચિત્ર ચિત્ર પ્રદર્શનમાં મૂકવાનો હેતુ શું ?' 'ચિત્રકારે કહ્યું, 'હા, પ્રદર્શનની જેમ અવસર પણ માનવીના જીવનમાં આવે છે પણ એ જયાં હોય ત્યાં અજગરની જેમ પડ્યો રહે છે, પણ જે અવસરને ઓળખી લે છે અને આવેલી તકને સમજી જાય છે એ જ જીવનમાં કશુંક અનોખું કામ કરી શકે છે. અને પાંક વાળો મનુષ્ય એટલે બતાવ્યો છે કે તક જો આજે ચાલી જાય તો કયારેય પાછી આવતી નથી એ તો ઊડીને અદૃશ્ય થઈ જાય છે.'' કલારસિકને મહાન કલાકારના વિચિત્ર ચિત્રનો મર્મ સમજાઈ ગયો.

કો'ક જણે તો કરવું પડશે ભાઈ!

તંત્રીસ્થાનેથી...

ગોવાના પૂર્વ મુખ્યમંત્રી, પૂર્વ કેન્દ્રીય મંત્રી અને અઠંગ કોંગ્રેસી અગ્રણી લુઈઝિન્હો ફાલેરો એ જીવનભર જેની સેવા કરી હતી એવી કોંગ્રેસ પાર્ટીમાંથી ભારે હૈયે રાજીનામું આપ્યું છે. ચાળીસ વર્ષોથી કોંગ્રેસના પ્રથમ હરોળના સેનાની રહેલા નેતાએ પાર્ટીનાં કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષાને લખેલ પત્રમાં બહુ જ સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે શતમુખ વિનિપાતના માર્ગે જઈ રહેલી પાર્ટી ફરી બેઠી થાય એવી કોઈ આશા બચી નથી. વળી એમણે એ સ્પષ્ટતા પણ કરી છે કે અમારા જેવાઓ જેને માટે જિંદગીભર ઝઝૂમ્યા અને બલિદાનો આપ્યાં તે આજની પાર્ટી નથી. ટૂંકમાં કોંગ્રેસની વર્તમાન અવદશાથી વ્યથિત થઈ ગોવાના સિનિયર મોસ્ટ કોંગ્રેસી અગ્રણીએ એમાંથી સ્વેચ્છાએ બહાર નીકળી જવાનું યોગ્ય લેખ્યું છે. સિત્તેર વર્ષના આ નેતાએ સૂચન પણ કર્યું છે. અત્યારે કોંગ્રેસનાં ચાર જુદાં જુદાં ફાડિયાં કાર્યરત છે. એમાં સૌથી વધારે સારી સ્થિતિમાં પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી બેનરજીના નેતૃત્વ વાળી તૃણમૂલ કોંગ્રેસ છે. એમણે કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા પછી પણ પોતે વિશાળ કોંગ્રેસ પરિવારથી વેગળા નહીં થયા હોવાનું જણાવ્યું છે. સંભાવના છે કે તેઓ તૃણમૂલ કોંગ્રેસના ગોવા એકમનું નેતૃત્વ કરશે. મમતા બેનરજી જે રીતે પોતાના પ્રાદેશિક પરિવેશની બહાર પાર્ટીનો વ્યાપ વધારવા કૃતસંકલ્પ છે તે જોતાં સુદૂર ગોવામાં તૃણમૂલની હાજરી દેખાશે તે નક્કી છે. ગોવામાં કોંગ્રેસે વિધાનસભાની ચૂંટણીમાં બહુમતી મેળવી હોવા છતાં અત્યારે ત્યાં ભારતીય જનતા પાર્ટી સત્તા પર છે. વરિષ્ઠ કોંગ્રેસી નેતાએ એ મુદ્દે પણ કોઈનું નામ લીધા વિના ભારે દુઃખ વ્યક્ત કર્યું છે. ચૂંટાયેલી અને સ્પષ્ટ બહુમતી સાથે સરકાર બનાવી શકે એવા સભ્યો ભાજપમાં ભળી ગયા એમાં એમને પાર્ટીના હાઈકમાન્ડે દાખવેલી બેદરકારી જ કારણભૂત લાગે છે.

૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી પછી છેક સત્તાની નજીક પહોંચી ગયેલી પાર્ટીના જ સભ્યોએ તત્કાલીન ઈન-ચાર્જ દિગ્વિજયસિંહ સાચવી નહોતા શક્યા અને ભારતીય જનતા પાર્ટીની સરકાર રચાઈ ગઈ હતી. લુઈઝિન્હો ફાલેરો માટે આ પરિસ્થિતિ સ્વાભાવિક રીતે જ અસહ્ય હતી. આથી એમણે જતી ઉંમરે તમામ કોંગ્રેસી ફાડિયાં મમતા બેનરજીના નેજા હેઠળ ભેગાં થાય અને શક્તિશાળી ભારતીય જનતા પાર્ટી સામે ઝઝૂમે એવી અપેક્ષા વ્યક્ત કરી છે. ગોવામાં તૃણમલના પ્રવેશથી સત્તાનાં નવાં સમીકરણો રચાશે. આમ આદમી પાર્ટીએ પણ ૨૦૨૨માં થનારી ગોવા વિધાનસભાની ચૂંટણીમાં પોતાના ઉમેદવારો ઉતારવાનું નક્કી કર્યું જ છે. ત્રિપુરામાં તૃણમૂલ કોંગ્રેસ વદુ મજબૂતાઈથી લડી શકે એમ છે. મમતા બેનરજીને ત્યાં કોંગ્રેસના પ્રભારી તરીકે કામ કરી ચૂકેલા આ ગોવન નેતાના રાજકીય અનુભવનો લાભ સાંપડશે. કોંગ્રેસના હાઈકમાન્ડ તરીકે માતા-પુત્ર-પુત્રીની ત્રિપુટી જ સર્વ સત્તાધીશ બની ચૂકી છે અને વરિષ્ઠ બૌદ્ધિકોની સલાહ પણ કિનારે કરી દેવાઈ છે. પંજાબમાં નવજોતને સુકાન સોંપીને વરિષ્ઠ નેતા અમરિંદરસિંહની નારાજગી વહોરી છે. રાજસ્થાનમાં અશોક ગહલોત અને સચીન પાઈલટ પૈકી સચીનની તરફેણમાં પલ્લું નમશે એવી શક્યતા ઊભી થઈ છે. રાહુલ - પ્રિયંકા નવી નેતાગીરી ઊભી કરવાના જોખમી પ્રયોગ કરી રહ્યા છે. ગુજરાતાં જિગ્નેશ મેવાણી કોઈ લોકપ્રિય દલિત નેતા નથી. પરંતુ રાષ્ટ્રીય સ્તરે ખૂબ સક્રિય હોઈ એમને પાર્ટીમાં સામેલ કરાયા છે અને મોટી જવાબદારી સોંપાઈ રહી છે. બિહારમાં કન્હૈયાકુમાર ગત લોકસભાની ચૂંટણીમા બેગુસરાઈની બેઠક પરથી ગિરિરાજસિંહ સામે ભૂંડી રીતે હારી ગયા હતા. કોંગ્રેસ એ ધુવાંધાર નેતાને મહત્ત્વ આપવા કૃતસંકલ્પ છે. ગુજરાતનાં હાર્દિક પટેલની પહોંચ કેટલી એ અજાણ્યું નથી, પરંતુ વરિષ્ઠોની ઈચ્છા વિરુદ્ધ રાહુલ ગાંધી એમને પંપાળી રહ્યા છે. ભાજપને ટક્કર આપવા માટે તો ફાલેરોએ સૂચવેલી ફોર્મ્યુલા મુજબ વિશાળ કોંગ્રેસ પરિવારે સાથે મળીને ચૂંટણી લડવી જોઈએ. પરંતુ હવે રાહુલ ગાંધીને વડાપ્રધાન બની જવાની ઉતાવળ આવી ગઈ છે, એનું શું ?

વેબ સિરીઝ અને વાસ્તવિકતા

મન-રંજન
ધ્વનિલ પારેખ

અત્યારે વેબસિરિઝનો રાફડો ફાટ્યો છે. અનેક નવી ચેનલો અને ઓપન પ્લેટફોર્મ પર વેબસિરીઝની વિવિધતા જોવા મળે છે. વેબસિરીઝને કારણે જે એકપરિવર્તન આવ્યું છે તે એ કે દર્શકોને વાસ્તવિક દુનિયાનો અનુભવ થવા લાગ્યો. આમ તો એ આખી ભ્રામક દુનિયા જ હોય છે પણ એની રજૂઆત એવી રીતે કરવામાં આવે છે કે, એ વાસ્તવિક લાગે. રિયાલીટી શૉ કેવા છેતરામણા હોય છે એવું વેબ સિરીઝ વિશે પણ કહી શકાય.

વાસ્તવિકતા બતાવવા માટે આ દિગ્દર્શકો જે બતાવે છે એ ખરેખર વાસ્તવિક હોય છે ? અંડરવર્લ્ડની દુનિયાની વાસ્તવિકતા બતાવવા માટે દિગ્દર્શક શું કરતો હોય છે. હમણાં બાલાજી ઓપન પ્લેટફોર્મ પર 'કાર્ટેલ' કરીને વેબસિરીઝ રજૂ થઈ હતી. મુંબઈના અંડરવર્લ્ડ પર આધારિત છે અને સુપ્રિય પાઠકનો એમાં 'રાનીમાઈ' તરીકે દમદાર અભિનય છે. રામલીલા ફિલ્મમાં સુપ્રિયા પાઠકનો જે ઠસ્સો હતો એવો જ ઠસ્સો કાર્ટેલમાં પણ જોવા મળે છે. અંડરવર્લ્ડની દુનિયાની વાસ્તવિકતા દર્શાવવા માટે અશ્લીલ ભાષા, અશ્લીષ દૃશ્યો, અનૈતિક સંબંધો અને ક્રૂર હિંસાના દૃશ્યો આ વેબસિરીઝમાં ભરપુર છે. અગાઉ 'પાતાળલોક' વિશે પણ આવી ચર્ચા ચાલી હતી. એમાં પણ હિંસાને જે રીતે બતાવી હતી તે વિચલિત કરનારી હતી.

મુદ્દો એ છે કે વાસ્તવિકતા બતાવવા માટે ક્રૂર હિંસાના દૃશ્યો બતાવવા જરૂરી છે? અશ્લીલ ભાષાના ઉપયોગથી જ વાસ્તવિકતા બતાવી શકાય એમ છે ? અથવા નિર્માતા અને દિગ્દર્શક વિષય જ એવો પસંદકરે છે. કે જેથી કરીને આ બધો જ મસાલો ઠાસી ઠાંસીને એમાં ભરી શકાય ? દર્શકોના પક્ષે પણ પ્રશ્ન તો રહે જ છે, કે એને પણ આવું બધું જ જોવું હવે ગમે છે ? અણધાર્યા વળાંકો, રહસ્યનું તત્ત્વ એવી રીતે ખેંચ્યા કરવું કે દર્શકોની જિજ્ઞાસા જળવાઈ રહે અને સીઝન-૨ માટે એક છેડો ખુલ્લો મૂક્યો - આ બધું જ વાસ્તવિકતાના નામે વેબસિરીઝમાં ચાલે છે અને આપણે બિન્દાસ એ જોયા કરીએ છીએ. વાસ્તવિકતા બતાવી જ હોય તો મણિરત્નમ્ દિગ્દર્શિત 'મુંબઈ' ફિલ્મ જુઓ. ૧૯૯૨ના રમખાણની વાસ્તવિકતા કેટલીક કલાત્મક રીતે એ ફિલ્મમાં રજૂ થઈ હતી.

"ઈંધણાં વીણવા ગઈ'તી મોરી સૈયર, રુપિયા વીણી લાવી રે!"

મનના ઉમંગો
રણછોડ પરમાર

કેમ કિંજલબેન, આ વરસે તો ઈંધણાં વીણવા જવાનાં નહીં ?

ઓહ ! શટ અપ ! હું શું કામ ઈંધણાં વીણવા જઉં ? તમને તો ખબર છે કે મારા ઘેર ગેસ લાઈન છે. તો પછી હું ઈંધણાં વીણવા જઉં શું કરવા ?

મને ખબર છે કે તમારે ત્યાં ગેસ લાઈન છે અને રસોઈ રાંધવા રસોઇઓ પણ છે. છતાં આ વરસે તો તમે ઈંધણાં વીણવા જવાના, જવાના અને જવાના !

હે રામ ! હું આટલા વરસમાં કદીયે ઈંધણા વીણવા ગઈ નથી અને જવાનીયે નથી. તોય તમે ઝાલ્યું પૂછડું છોડતા નથી.

પૂંછડું તો તમે આ બે વરસ ભલે છોડ્યું હોય આ વરસે તો તાણીને પકડી લેવાના છો અને બીજું મેં શું કહ્યું , ફરીથી ઈંધણાં વીણવા જવાનાં. પાછા એકવાર નહીં નવ નવ વાર જવાનાં. અને એય પાછા દહાડે નહીં બલ્કે રાતે જવાનાં. બોલો સાચું કે નહીં ?

ઓહો ! તમારી કોઈ વાત મારી સમજમાં નથી આવતી.મારે શાની ખોટ છે તે હું ઈંધણાં વીણવા જવાની ? દિવસે નહીં પણ રાતે જવાની ! અને એય પાછી નવ નવ રાત. કંઈ સમજાવો તો સમજ પડે. મારું તો મગજ બહેર મારી ગયું.

સારું સારું. હું તમને વ્યવસ્થિત સમજાવું. પછી ના માનો તો તમારા ઊંચી એડીવાળાં ચંપલ અને મારું મસ્તક. માનો તો મસાલાવાળી ચા. બોલો મંજુર છે ?

હા મંજુર છે , ચાલો સમજાવો. એક મિનિટ, હું ઊંચી એડીવાળાં ચંપલ શોધીને તૈયાર રાખું.

શ્યોર, પણ એની જરુર નહીં પડે. હવે હું કહું એટલા સવાલના જવાબ આપો.

પૂછો.

તમે ગાયક કલાકાર ખરા કે નહીં ?

ખરી. ગુજરાતની સારામાં સારી ગાયક કલાકાર.

તો તમને આ વરસે સરકારે શેરી ગરબા કરવાની છૂટ આપી છે એ તો ખબર છે ને ?

હા ખબર છે ને. સરકારે પાર્ટી પ્લોટને મંજુરી આપી નથી, પણ શેરી ગરબા કરવાની છૂટ આપી છે.

અને તમને ગરબા ગાવા જવાની ઓફરો પણ આવી હશે.

અરે મારે તો કેટલાયે શેરી ગરબામાં ગાવાના આમંત્રણ આવી ગયાં છે.

તો તમે જ્યાં જઈને પેલો ગરબો તો ગાવાના ને ?

કયો ગરબો ? હું તો સેંકડો ગરબા ગાઉં છું.

અરે તમારો ફેવરીટ, ગામેગામનો ફેવરીટ.

અરે ભાઈ કહોને કયો ગરબો તમારે ગવરાવવો છે ?

ઈંધણાં વીણવા ગઈલ્લતી મોરી સૈયર, ઈંધણાં વીણવા ગઈલ્લતી રે !

ઓ ગોડ ! હવે સમજાયું. તમે આ ગરબાવાળા ઈંધણાંની વાત કરતા હતા.

તો હવે મારી મસાલાવાળી ચા પાકી ને ?

પાકી, ભાઈ પાકી.

અને પેલાં ઊંચી એડીવાળાં ચંપલ ઠેકાણે મૂકી દેશો ને ?

ઓહ , સોરી ! તમે ખોટા પડ્યા હોવ તોય ચંપલ થોડાં મરાય ?

એ તમારી મહાનતા છે, પણ એક સવાલ પૂછું, સાચો જવાબ આપશો ?

પૂછો.ઉંમર સિવાયનો કોઈપણ પ્રશ્ન પૂછો.

ઉંમરનો પ્રશ્ન હું કોઈ સ્ત્રીને પૂછતો નથી. કારણ કે દરેક સ્ત્રી મનથી કાયમ સોળ વરસની સુંદરી જ હોય છે, એની ઉંમર એ પછી વધતી નથી.

બહુ સારું. તમારો પ્રશ્ન પૂછો.

મારે એટલું જ પૂછવું છે કે ઈંધણાં એટલે શું એની તમને ક્યારે ખબર પડી ?

સાચી વાત કહું ? જ્યાં સુધી આ ગરબો ગાવાનો મેં શરુ કર્યો ત્યાં સુધી ઈંધણાં એટલે લાકડાં કહેવાય એની મને ખબર જ નહોતી. ચૂલામાં સળગાવવાના લાકડા એટલે કે ઈંધણાં શોધવા ગામ બહાર ખેતરમાં કે જંગલમાં જવું પડે એની યે ખબર નહોતી. પણ એકવાર ડાયરામાં સંચાલકે મારા ગીત પહેલાં આવો ફોડ પાડ્યો ત્યારે બધી ખબર પડી.

તો પછી તમને એ ખબર તો ક્યાંથી હોય કે આ ગીત કોણે લખ્યું છે ?

ના મને ખબર નથી. કદાચ ડાયરાના સંચાલકોનેય ખબર નહીં હોય. અરે હું તો પહેલાં આને લોકગીત સમજતી હતી.

કોઈ ગીત લોકોના હૈયે અને હોઠે ચડી જાય એટલું લોકપ્રિય થઈ જાય એ થોડા વરસો પછી લોકગીત બની જાય છે.

પણ એ તો કહો આ ગીત લખ્યું છે કોણે ?

આ ગીત આપણા સુપ્રસિધ્ધ કવિ શ્રી રાજેંદ્ર શાહે લખ્યું છે. એમને આપણા દેશનો સર્વોચ્ચ કહેવાય તેવો જ્ઞાનપીઠ એવોર્ડ મળેલો છે.

વાહ આજે તમે મને બહુ સરસ માહિતી આપી. તમને એના બદલામાં ચા સાથે બિસ્કીટ પણ ખાવા મળશે.

સરસ, ખુબ સરસ.હવે મને કહો કે તમે ઈંધણાં વીણવા જવાનાં કે નહીં ?

જવાની ને. નવ નવ રાત જવાની.

એક સૂચન કરવાનું મન થાય છે, આ ગીતમાં થોડોક ફેરફાર કરીને તમે ગાવ તો ?

કેવો ફેરફાર ?

'' ઈંધણાં વીણવા ગઈ'તી મોરી સૈયર, રુપિયા વીણી લાવી રે !''

ઊભા રહો. ઊંચી એડીવાળાં ચંપલ હજી અહીં જ પડ્યાં છે.

... પછી જો 'ચમત્કાર આ ગુરુમંત્રનો' ગુરુજીના ચહેરા પર વિજયી સ્મિત છલકતું હતું

નવાં કલેવર
નટવર હેડાઉ

'તેનું તો ગળું દબાવી દઈશ, તને પણ નહીં છોડું.' પ્રેમનું ભૂત પળભરમાં નીકળી જશે...' અર્જુનસિંહની આંખોમાં લોહી ઉતરી આવ્યું. ચહેરો રાતોપીળો થઈ ગયો. ગુસ્સો જાણે આસમાને પહોંચી ગયો.

'આને જો ઘરની બહાર જવા દીધી છે તો તારી ખેર નથી...' અર્જુનસિંહની પત્ની તો સ્તબ્ધ થઈ ગઈ. હવે શું થશે એ વિચારે ધ્રુજવા લાગી.

'નસીબની ફૂટેલી તને બીજો કોઈ ન મળ્યો. નાત-જાતનું ય ભાન ન રહ્યું. કે વસાવાનું ઘર વસાવવા નીકળી.' તારી તો બુદ્ધિ જ ફરી ગઈ છે. તને કૉલેજમાં એ માટે મોકલી હતી....' માતાએ ગુસ્સામાં તેનો ચોટલો પકડી ખેંચી...

'મોંઢું' બંધ રાખ. ખબરદાર જો ઘરની બહાર પગ મૂક્યો છે તો.... માં તેને બીજા ઓરડામાં લઈ ગઈ. તે રડતી હતી અને પોતાની વાત કહેવા માંગતી હતી પણ સાંભળવા કોઈ તૈયાર ન હતું. યુવાનીનો એવો સમય છે જેમાં ગમે ત્યાં કુંડાળામાં પગ પડી જવાની શક્યતા રહે છે. દીકરીનું ખુબ ધ્યાન રાખવું જોઈએ. તે ક્યાં જાય છે ? શું કરે છે ? મોબાઈલ પર આખો દિવસ કોની સાથે ચેટીંગ કરે છે તેનું ધ્યાન ન રાખવામાં આવે તો આજના જમાનામાં કંઈ પણ થઈ શકે છે અને અહીં પણ એવું જ કંઈક બની ગયું હતું.

અર્જુનસિંહ બેઠકરુમમાં ધુંવાફુવાં થતા બેઠા હતા. નોકરે આવીને પાણીનો ગ્લાસ ટીપોય પર મુક્યો. તે તેના પર ગુસ્સે થઈ તેને પણ ભગાડી દીધો. શું કરવું તેની અસંમજસમાં તે બેચેની અનુભવી રહ્યા હતા. છેવટે તેમણે ફોન ઉપાડ્યો.

'કોન ફોન કરો છો?'

'ગુરુજીને....'

'પણ કેમ ?'

'તું તારી કચ કચ બંધ કર અને રસોડામાં જઈ કંઈક બનાવ...'

● ● ●

થોડા કલાક બાદ પ્રમાણ ગુરુજી, તમારી મોટી મહેરબાની કે મેં બોલ્યા ને આપ....'

'અર્જુન એવું તે શું થયું ? આશ્રમે આવી જવું હતું ને....'

'એમાં એવું છે કે બધાની સામે એ વાત કરવાનું મુશ્કેલ બને તેમ હતું...'અને પછી બધી વાત વિગતવાર કરી નાંખી.

'દીકરા વાત તો ગંભીર છે. જુવાન દીકરી છે જબરદસ્તી કરીને કદાચ તું લગ્ન કરાવી નાંખીશ તો પણ કાલે શું થાય તેની શું ખબર પડે.'

'તું આ વખતે ચૂંટણી લડી રહ્યો છે ને?'

'લડું તો છું પણ ગયાં બે વખતની જેમ હારી જ જાઉં તો...'

'એક વાત કર, તારા વિસ્તારમાં કઈ જાતિના લોકો વધુ છે?'

'ગુરુજી, વધારે પડતા તો વસાવા કોમ જ છે.'

'તું તારી દીકરીનાં લગ્ન પેલા છોકરા સાથે કરી દે.'

'આ તમે શું કહી રહ્યા છો ?'

'જે કહું છું તે સાંભળ અને લગ્ન કરી નાંખ. પછી જો 'ચમત્કાર આ ગુરુમંત્રનો' ગુરુજીના ચહેરા પર વિજયી સ્મિત છલકતું હતું.

ઉધાર માગવાની કળા

રંગ અને વ્યંગ
અનંત પટેલ

● દુકાનોમાં 'આજે રોકડા કાલે ઉધાર ' એવું વાક્ય એક જમાનામાં કોઇ વેપારીને લખવું પડતું ન હતું, પણ કેટલાક કલાકાર ગ્રાહકોએ આવું લખવાની વેપારીઓને આજના જમાનામાં ફરજ પાડી છે....

● ઉધાર માગવું એ કાંઇ ગુનો નથી,પણ ઉધારે માલ કે પૈસા લીધા પછી એનાં નાણાં નિયત અથવા તો વાજબી સમયમાં પાછા ન ચૂકવીએ તે કોઇ ચલાવી ન જ લે....

● માલ ઉધારે લઇને નાણાં નહિ ચૂકવવામાં માનનારા ગ્રાહકોની કેટલીક ખાસિયતો જાણીએ...

૧. પ્રથમ તો એ મીઠાબોલા કે મીઠાબોલી હોય છે, ૨. જ્યાંથી ઉધારે લેવું હોય એટલેકે જે વેપારીને બાટલીમાં ઉતારવો હોય એને કે એના ઘરના કોઇ સભ્યને સારી સારી વાતો કરીને એ વિશ્વાસમાં લે છે, ૩.લળી લળીને સ્માઇલ આપતી નવી મહિલા ગ્રાહકથી તો વેપારીને ભગવાન જ બચાવે.....

૪. શરૂ શરૂમાં ઉધારે લીધેલ માલનાં કે ઉછીનાં લીધેલ નાણાં વાયદા કરતાં વહેલાં ચૂકવીને એ પોતાની વિશ્વાસનિયતા ઉભી કરે છે...

૫.જ્યારથી એ ગ્રાહક નક્કી કરે કે હવે નાણાં ચૂકવવાં નથી કે ચૂકવી શકાય એમ નથી તો એ દિવસથી એ પોતાનો આવવા જવાનો રસ્તો બદલી નાખે છે....

૬.લેંણદાર સામે ના મળી જાય એવા પેંતરા એ કરતા જ હોય છે,ને કદાચ ન છૂટકે લેણદાર વહેપારી ભટકાઇ જાય તો એકદમ ઢીલા થઇને જાત જાતનાં બહાનાં બતાવવામાં એ પાવરફુલ હોય છે.....

● પાછુ આવા લોકો કોઇને નાણાં ચૂકવવાની ના તો પાડતા જ નથી....લેંણદાર થાકી જાય પણ એ થાકતા નથી..

● શહેરોમાં વસતા કેટલાક દેવાદારો બે ચાર જગાએથી આવી ઉધારી કરે છે ને ઘાટ આવે તો એમનું ઘર જ બદલતા રહે છે... અરે ઘણીવાર તો મકાન માલિકને ભાડુ પણ નથી ચૂકવતા.....ને વાયદા કરતા જ રહે છે..

● ગામડાંમાં તો ઉધારે લઇને પૈસા ન ચૂકવનાર જે તે વેપારીના ચોપડે બ્લેક લિસ્ટેડ થઇ જતો હોય છે ને એને તો પછી ગામમાં બીજો કોઇ વેપારી પણ ઉધાર આપતો જ નથી....

● આ લોકોના ચહેરા ઉપર પોતે કોઇના પૈસા નથી ચૂકવ્યા એનો કોઇ ગમ કે શરમ પણ હોતી નથી...

● ચીજ વસ્તુઓ ગીરો મૂકીને ઉધારે માલ કે નાણાં લઇ જતા ઘરાકોએ ગીરો મૂકેલ વસ્તુની ગુણવતાની વેપારીએ ખાતરી કરાવી જ લેવી...

● કેટલાક ઉધારિયા તો એવા પણ હોય છે કે વેપારી જ્યારે ઉઘરાણી કરે ત્યારે એ વેપારીને જૂઠો પાડવાની કોશિશ કરે છે ને પોતે અમુક તારીખે અથવા તો વેપારીના નોકરને કે પત્નીને પૈસા ચૂકવી દીધા છે એવું ઠસાવાવો પ્રયત્ન કરતા હોય છે....જેમ કે,' નારે ભાઇ મારા પૈસા બાકી હોય જ નહિ, હું તો રેગ્યુલર ચૂકવી જ દઉં છું..'

'અરે તે દિવસે તમારા નોકરને મેં રોકડા ચૂકવી જ દીધા જ છે, તમે એને પૂછી જ લેજો...પછી મને વાત કરજો..'

' હું કંઇ દેવાળિયો નથી, તમે બરાબર હિસાબ ના રાખો એમાં મારો શું વાંક ?'

● ટૂંકમાં ઉલ્ટા ચોર કોટવાલને દંડે એવો ઘાટ કરતા હોય છે.....

● આવા લોકોથી બચવાનો એક ઉપાય એવો છે કે એમને થોડું ઉધારે કે ઉછીનું આપીને એટલું નુક્સાન વેઠીને એમને ફરીથી દુકનનાં પગથિયાં નહિ ચડવાની સલાહ આપવી એ જ ઉત્તમ.

શું કહો છો બોલો ?

મો. ૯૮૯૮૪૦૯૦૫૩
- anantpatel135@yahoo.com